ડિસેમ્બર ૨૦૧૬

કિંમત ₹ ૧૨/-

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ

## મોટું મન



**તંત્રી તથા સંપાદક:**
ડિમ્પલ મહેતા
વર્ષ : ૯, અંક : ૪
સળંગ અંક : ૧૦૦
**ડિસેમ્બર ૨૦૧૬**

**સંપર્ક સૂત્ર :**
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org

**Printed & Published by**

**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

**Owned by**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

**Printed at**
**Amba Offset**
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

**Published at**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૨૫ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૫૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.



# મોટું મન

# સંપાદકીય

બાળમિત્રો,

આપણે ઘણી વાર જોતા હોઈએ છીએ કે આપણો ફ્રેન્ડ પોતાની કોઈ પણ વસ્તુ ખુશી ખુશી બીજાને આપી શકતો હોય. અને આપણને આપવાનું આવે તો મન જરા ખટકે. આપણે ન આપી શકીએ. મારું વપરાઈ જશે તો, બગડી જશે તો, મારી પાસેથી ઓછું થઈ જશે તો, વગેરે વિચારો આપણને ઘેરી વળે.

ક્યારેય વિચાર્યું છે કે કેમ આવું થતું હશે ? જે ઉદારતાથી આપી શકે છે કે બીજા માટે વાપરી શકે છે તે કેવા વ્યક્તિ હશે ? આપ્યા પછી શું ખરેખર એમની પાસેથી ઓછું થઈ જાય છે કે એમને એની ખોટ પડે છે?

તો આવો, આજે આ અંકમાં આપણે આનું રહસ્ય જાણીએ અને આપણે પણ બીજા માટે વાપરી શકવાની હિંમત કરીએ.

-ડિમ્પલ મહેતા



અક્રમ એક્સપ્રેસ

# જ્ઞાનીઓ કહે છે...



પ્રશ્નકર્તા : નીરુમા, મારી એક ફ્રેન્ડ છે, હું એને જ્યારે જોઈએ ત્યારે મારી બધી વસ્તુઓ આપું છું, પણ એ મને ક્યારેય એની વસ્તુ ન આપે. મારી બીજી ફ્રેન્ડ દર વખતે મને કહે કે તારે એને એક પણ વસ્તુ નહીં આપવાની. છતાં એને જોઈએ ત્યારે હું આપું છું, તો મારે શું કરવાનું ?

નીરુમા : તને આપવાનું મન થઈ જાય ?

પ્રશ્નકર્તા : હું તો એને દર વખતે આપી દઉં.

નીરુમા : આપી દેને. આપણું મન મોટું છે તો મોટું જ રાખને. નાનું મન કરવાની શી જરૂર છે? આ મોટું મન કરવા માટે તો કેટલાં અવતારો જાય ત્યારે મન મોટું થાય. કેટલાય અવતારો સુધી આ મનને કેળવ કેળવ કરે ત્યારે મન મોટું થાય. મન સંકુચિત થતા વાર ના લાગે પણ મોટું થતા બહુ વાર લાગે. તને કુદરતી મોટું મન મળ્યું છે તો એને બગાડીશ નહીં. કોઈ કહે તો એને સાંભળીશ નહીં. આપી આપીને આપણે કંઈ હીરા-મોતીના દાગીના ઓછાં આપી દઈએ છીએ કે લૂંટાઈ જઈએ ? બહુ બહુ તો પેન્સિલ હોય કે રબ્બર હોય, બક્કલ હોય કે ફૂમતું હોય, એવું જ આપીએ ને ? આપજે હં...

## શ્રીમંતાઈ કોને વરે ?

શ્રીમંતાઈ શું કર્યું હોય તો આવે ? કેટલી બધી લોકોને માટે હેલ્પ કરી હોય ત્યારે, લક્ષ્મી આપણે ત્યાં આવે. એ તો આપવાવાળાની ઈચ્છાવાળાને ત્યાં જ આવે, જે ઘસાઈ છૂટે એની પાસે આવે.

ખરી રીતે જે કમાય છે એ મોટા મનવાળો જ કમાય છે. આપવા-લેવામાં જે મોટું મન રાખે છે એ જ કમાણી કરે છે. બાકી સાંકડા મનવાળો કમાતો જ નથી કોઈ દહાડો.

૧



કુટુંબના બધાને પોતાના
માનીને ફરે એ
વિશાળતા કહેવાય.

૨


પ્રેમ હોય ત્યાં સંકુચિતતા ના હોય,
વિશાળતા હોય. ત્યાં પોતાનું ને પારકું
એવો ભેદ ના હોય.



# આ તો નવી

3

વણિક બુધ્ધિવાળાનું મન બહુ સાંકડું હોય.
ક્ષત્રિયનું મન કેવું હોય... રાજમાન રાજશ્રી જેવું.
મંદિરમાં ગયા હોય ને ખિસ્સામાં હાથ નાખ્યા
અને જેટલા પૈસા નીકળ્યા તેટલા નાખે.
પછી એ જોવા ન રહે કે કેટલા નીકળ્યા ને
કેટલા નાખ્યા.



૪

મોટા મનવાળો શંકાશીલ ન હોય.
એ બધી બાબતમાં હંમેશા
પોઝિટિવ હોય.



જ વાત !

# ચળકતો દડો

"બા, પેલા વીર રાજકુંવરની વાર્તા કહો ને," બાના ખોળામાં માથું મૂકીને રઘુએ કહ્યું.

રોજ રાત્રે રઘુ ફળિયાના હીંચકા પર બેસી બા પાસે અજબ-ગજબની વાર્તાઓ સાંભળતો. "પણ દીકરા, કાલે રવિવાર છે. સવારે વહેલા ઊઠવાનું છે ને ? આજે જલ્દી સૂઈ જા." બાએ પ્રેમથી રઘુના માથે હાથ ફેરવતા કહ્યું. બીજા દિવસનું કામ યાદ આવતા જ રઘુએ ઝટ દઈને આંખો મીચી દીધી.

દર મહિનાના પહેલા રવિવારે રઘુ બાપુજી સાથે જેતપુર જતો. પહેલીવાર બાપુજીએ રઘુને એકલા જેતપુર જવા માટે કહ્યું હતું. બાપુજીએ પોતાને જવાબદાર સમજ્યો, એ વાતને રઘુને ખૂબ આનંદ હતો.

સવારે વહેલા ઊઠીને બાએ બાંધેલું ભાથું લઈને રઘુ જેતપુર જવા નીકળી પડ્યો.

જેતપુર ગામમાં પ્રવેશતા જ એક અનેરી ઠંડક અનુભવાતી. ગામના લોકોનો સંપ અને સંતોષ રઘુને સ્પર્શી જતા. બાપુજી પણ હંમેશા કહેતા, "જેતપુર ગામ જેવો સંપ બીજે ક્યાંય જોવા ના મળે."

"અરે રઘુ, આવી ગયો દિકરા ! આજે કેમ તારા બાપુ નથી દેખાતા?" શંભુકાકાએ પ્રેમથી રઘુને બેસાડીને પૂછ્યું.



"બાપુજીને થોડું કામ આવી પડ્યું હતું એટલે એમણે મને મોકલ્યો. અને હવે દર મહીને સામાન લઈને હું એકલો જ આવીશ," રઘુના અવાજમાં, માથે મૂકેલી જવાબદારીના ગર્વનો રણકાર હતો.

"અરે વાહ, મારો દીકરો મોટો થઈ ગયો," રઘુના માથે હાથ મૂકી, શંભુકાકા બોલ્યા. રઘુ મલકાયો.

સામાન તપાસી, શંભુકાકાએ રઘુને પૈસા આપ્યા. પૈસા સાચવીને રઘુએ ખિસ્સામાં મૂક્યા અને ઘરે જવા પાછો ફર્યો. પોતાની જ ધૂનમાં ગીત ગણગણાવતો એ ચાલી રહ્યો હતો, ત્યાં તો એની નજર કશાક પર પડી.

"આ શું ?" આટલો ચળકાટ તો એણે પહેલાં ક્યારેય નહોતો જોયો. ઝાડવાઓની વચ્ચે એક ચળકતો દડો પડ્યો હતો.

"આ કોઈ વહેમ તો નથી ને ?" રઘુએ પોતાની આંખો ચોળી. જોયું તો એ જ જગ્યાએ દડો પડ્યો હતો. ધીમે રહીને એણે દડો ઉઠાવ્યો. દડાને ગોળ ઘુમાવ્યો. ત્યાં તો અચાનક દડામાંથી એક અવાજ આવ્યો.

"જેના હાથમાં રહું, એની એક ઈચ્છા પૂરી કરું,"

"ખરેખર ?" રઘુને પોતાના કાન પર વિશ્વાસ ન આવ્યો.

"હા. પણ આવતા મહિનાના પહેલા રવિવાર સુધી જ આ શક્ય છે." દડામાંથી ફરી અવાજ આવ્યો.

રઘુની ખુશીનો પાર ના રહ્યો. એના મનમાં જાતજાતના તરંગો ઉઠવા લાગ્યા. એણે દડાને સાચવીને થેલામાં મૂક્યો અને ત્યાંથી ચાલી નીકળ્યો.

છજા પર ઊભેલા મોહનને આ આખું દૃશ્ય જોયું. રઘુનો વાર્તાલાપ પણ સાંભળ્યો. મોહનના અચંબાનો પણ પાર નહોતો.

"આ કેવી રીતે શક્ય બને," મોહનને થયું. તપાસ કરવા એ છુપાઈને રઘુનો પીછો કરવા લાગ્યો.

રઘુ આગળ અને મોહન પાછળ. રઘુ તો પોતાની મસ્તીમાં જ હતો. 'શું માંગુ અને શું નહીં' એની ગડમથલ મનમાં ચાલી રહી હતી.

થોડે દૂર જઈને પીપળાના ઝાડ નીચે રઘુએ ચાદર પાથરી. બાએ આપેલા થેપલા અને શાક ખાધા અને થોડો આરામ કરવા આડો પડ્યો. ક્યારે ઝોકું આવી ગયું એની એને ખબર પણ ના પડી. મોહન તો આ જ ક્ષણની રાહ જોઈ રહ્યો હતો. સિફતથી એણે રઘુના થેલામાંથી પેલો ચળકતો દડો કાઢી લીધો અને ત્યાંથી ભાગી ગયો.

આંખ ખુલતાની સાથે જ સૌથી પહેલાં રઘુને પોતાનો દડો યાદ આવ્યો. થેલામાં જોયું તો દડો ગાયબ! આજુબાજુ બધે જ શોધી વળ્યો પણ ક્યાંય ના મળ્યો. રઘુની આંખોમાંથી ટપ ટપ આંસુ પડવા લાગ્યા. થોડી ક્ષણો પહેલા બાંધેલો ઈચ્છાઓનો મહેલ કકડભૂસ થઈને ભાંગી પડ્યો.

બીજી બાજુ મોહન, એક રાજકુંવર જાણે ઘોડા પર સવાર હોય, તે રીતે દડો લઈને ભાગ્યો.

જેતપુર પહોંચીને એણે ગામના લોકોને ભેગા કર્યા અને દડાની ખાસિયત કહી.

"આ દડો દરેકની એક ઈચ્છા પૂરી કરશે," મોહને જાહેર કર્યું.

આવું માનવામાં કોને આવે ? શંભુકાકાને લાગ્યું કે મોહન મજાક કરે છે. દડો હાથમાં લઈને શંભુકાકા બોલ્યા, "હે દડા, મને એક કોથળો ભરીને સોનામહોર આપ."

તરત જ શંભુકાકાના ખોળામાં એક કોથળો ભરીને સોનામહોર આવી પડી! એ પછી તો દરેકે પોતાની એક-એક ઈચ્છા જાહેર કરી. કોઈકે મોટો મહેલ માંગ્યો તો કોઈકે હીરા-ઝવેરાત. સહુની ઈચ્છા પૂરી થઈ. અને આમ, નાનું અમથું, સીધુ-સાદુ જેતપુર ગામ અચાનક સમૃદ્ધ બની ગયું.

શરૂ-શરૂમાં ગામવાસીઓ નવી પ્રાપ્ત થયેલી માલ-મિલકતથી ખુશ હતા, પણ ધીરે ધીરે એકની સંપત્તિ જોઈને બીજાને ઈર્ષા થવા લાગી. મહેલવાળાને સોનામહોરોની લાલચ થઈ અને સોનામહોર જેની પાસે હતી એને હીરા-ઝવેરાતની ઈચ્છા થઈ. અત્યાર સુધી જે ગામનો સંપ અને સંતોષ વખણાતો હતો, એ ગામ ઈર્ષાની અગ્નિમાં બળવા લાગ્યું.

એક મહિનો વીત્યો. મહિનાના પહેલા રવિવારે રઘુ ફરી

> "પણ આવતા મહિનાના પહેલા રવિવાર સુધી જ આ શક્ય છે." દડામાંથી ફરી અવાજ આવ્યો.



શંભુકાકાની દુકાને સામાન લઈને આવ્યો. ગામની ચમક-દમક જોઈને એ દંગ રહી ગયો. પણ જેટલો દંગ એ ચમક-દમકથી નહોતો થયો, એટલો દંગ એ ગામવાસીઓના ચહેરાઓ જોઈને થયો. હસતા રમતા પ્રેમાળ ચહેરાઓ પર આજે ઉશ્કેરાટ અને અકળામણ હતા. શંભુકાકાએ પણ કામ પતાવી, કશું બોલ્યા વગર રઘુને રવાના કરી દીધો.


"એવું તો શું બન્યું હશે ગામમાં ?" રઘુને કંઈ સમજાતું નહોતું. પોતાના વિચારોમાં એ ચાલી રહ્યો હતો, ત્યાં તો એને એક અવાજ સંભળાયો.

"રઘુ, મારે તારી સાથે વાત કરવી છે." પાછળ ફરીને જોયું તો મોહન ચળકતો દડો લઈને ઊભો હતો.

"અરે, આ તો પેલો દડો.....," રઘુની આંખો પહોળી થઈ ગઈ.

ગુનાના અહેસાસ સાથે, હાથ જોડીને મોહન બોલ્યો, "હા, આ એ જ દડો છે." પોતાની ભૂલની દિલથી માફી માંગી એણે આખી વાત રઘુને માંડીને કહી.

રઘુને ગામના લોકોના અકળામણનું કારણ સમજાયું. અચાનક એને કંઈક સૂઝયું. એના મોઢા પર એક ચમક આવી ગઈ.



"મોહન, આજે દડા પાસે ઈચ્છા માંગવાનો છેલ્લો દિવસ છે ને ?" મેં તો હજી સુધી મારી ઈચ્છાની માંગણી નથી કરી. ચાલ, હું દડા પાસે માંગુ કે એ જેતપુર ગામનું સુખ, સંતોષ અને સંપ પાછું લાવી આપે," રઘુના અવાજમાં એક અજબની પ્રસન્નતા હતી.

રઘુની વાત સાંભળીને, મોહનને આશ્ચર્ય થયું, "પણ રઘુ, તારે પોતાના માટે કોઈ કિંમતી વસ્તુ નથી માંગવી ?"


રઘુએ હસીને કહ્યું, "બધાને પોતાનું સુખ પાછું મળી જાય એનાથી વધુ કિંમતી શું હોય શકે ?"

દડા પાસે ઈચ્છા વ્યક્ત કરી, ગામના લોકોના મૌન આશીર્વાદ હૈયે ધરી, રઘુએ ઘર તરફ મુસાફરી શરૂ કરી.

રાત્રે હીંચકા પર બેઠાં બેઠાં રઘુએ બાને વિગતવાર બધી વાત કહી.

"શાબાશ, મારા વીર રાજકુંવર," બા રઘુને ભેટી પડ્યા. "જે મન મોટું રાખીને, પોતાના સુખ કરતા બીજાના સુખ માટે પહેલા વિચારે, એ પોતે પણ હંમેશા સુખી જ રહે. મારા દીકરા, મન હંમેશા આમ મોટું જ રાખજે."

# સફળતાનું રહસ્ય


મથુરા નગરમાં લાડુચંદ નામે મીઠાઈવાળો હતો.
તેની સ્વાદિષ્ટ મીઠાઈ નગરમાં ખૂબ જ પ્રખ્યાત હતી.
મારી દુકાન સર્વશ્રેષ્ઠ છે અને સર્વશ્રેષ્ઠ જ રહેવી જોઈએ. નગરવાસીઓએ ફક્ત મારી જ દુકાનમાંથી મીઠાઈની ખરીદી કરવી જોઈએ.
જેમ જેમ લાડુચંદનો ધંધો સમૃદ્ધ થતો ગયો, તેનું મન વધુને વધુ સંકુચિત બનતું ગયું. વધુ નફો કમાવવા, તે તોલવામાં છેતરપીંડી કરવા લાગ્યો.
એક સવારે,
ભાઈ, એક કિલો કાજુકતરી આપજે.
મેં તમને એક કિલો કાજુકતરી કહી. આ તો એક કિલો કરતા ઓછી છે.
લેવી હોય તો લો. આ એક કિલો જ છે.


નથી જોઈતી તમારી કાજુકતરી. તમે સફળ હશો, પણ તમારું મન ખૂબ જ સાંકડું છે. મન સાંકડું રાખશો તો સફળતા ટકશે નહીં.
જાણે વૃદ્ધાનું વચન સાચું પડ્યું હોય તેમ, તે દિવસથી લાડુચંદની દુકાનમાં બધું અવળું થવા લાગ્યું. ગુલાબજામુન કાં'તો ખૂબ ખાટા થતાં કાં'તો ખૂબ ગળ્યા. કાજુકતરી અને લાડું તો એવા ચવ્વડ બનતા કે મોઢામાં પેસે તો દાંત ભાંગી નાખે.
લાડુચંદ, મારા પૈસા પાછા આપ. આ મીઠાઈ છે કે કડવી દવા ?
સાચું કહે છે ભાઈ. કડવી દવા પણ આ મીઠાઈ કરતા સારી લાગે. દુકાનનું બોર્ડ બદલીને દવાની દુકાન કરી નાખ, લાડુચંદ !
અને આમ, લાડુચંદના મોટા ભાગના ગ્રાહકો અન્ય દુકાને જવા લાગ્યા. એક વર્ષ વીત્યું. લાડુચંદની આર્થિક પરિસ્થિતિ નબળી બનતી ગઈ.
દિવાળીનો આગલો દિવસ હતો. લાડુચંદની દુકાને એકે ગ્રાહક નહોતો.
હે લક્ષ્મી દેવી, મને મદદ કર. આ મુશ્કેલીમાંથી બહાર નીકળવાનો કોઈ રસ્તો સૂઝાડ.


તે રાત્રે લાડુચંદને એક સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં એ એક નાના બાળક હતા. એક ભવ્ય સિંહાસન પર લક્ષ્મીજી બિરાજમાન હતા. આજુબાજુ નાના ભૂલકાઓ એમને ઘેરીને બેઠાં હતા.
લક્ષ્મીજી બધા બાળકોને ટોપલામાંથી એક સુંદર મજાની ભેટ આપી રહ્યા હતા.
આ તે કેવો જાદુ છે ? લક્ષ્મીજીનો ટોપલો તો ખાલી જ નથી થઈ રહ્યો !
લક્ષ્મીજી, તમે આટલી બધી ભેટો આપી, પણ તમારો ટોપલો તો ભરેલો ને ભરેલો જ રહે છે ! આ કેવી રીતે બને ?
મારા વ્હાલા દિકરા, કુદરતનો કાયદો છે કે જે પોતાનું મન વિશાળ રાખે, એને વધુ ને વધુ મળ્યા જ કરે. પણ મન જો સંકુચિત થાય તો પછી મળવાના દરવાજા બંધ થઈ જાય.



અચાનક લાડુચંદની આંખો ખુલી. જોયું તો સવાર પડી ગઈ હતી.
આજે મારી આંખો ખરેખર ખુલી ગઈ.
નાહી-ધોઈને લાડુચંદ લક્ષ્મીજીની પ્રતિમાને વંદન કરવા ગયા.
મા, મને શક્તિ આપ કે મારું મન હંમેશા વિશાળ રહે, લોકોને આપવામાં ક્યારેય સાંકડું ના બને.
તે દિવસે, ફક્ત લાડુચંદની અંદર જ નહીં, પણ એમણે હાથે બનાવેલી મીઠાઈઓમાં પણ ખૂબ પરિવર્તન આવ્યું. મીઠાઈઓ પહેલા જેવી જ સ્વાદિષ્ટ બનવા લાગી.
તે દિવસે બપોરે,
ભાઈ, એક કિલો કાજુકતરી આપજો.
ભાઈ, તમે હવે તોલતા શીખી ગયા. તમને ચોક્કસ લાભ થશે.
અને વૃદ્ધાનું વચન ફરી સાચું પડ્યું. તે દિવસથી લાડુચંદે ક્યારેય કોઈને આપવામાં કસર કરી નહીં અને એમને ક્યારેય કોઈ ખોટ આવી નહીં.

# મીઠી યાદેં




એક બ્રહ્મચારી ભાઈ હતો. એ નવો નવો બ્રહ્મચર્યમાં જોડાયો હતો. એ સીમંધર સીટી આવી ગયો હતો.

નવરાત્રીના દિવસો હતો. બધા ગરબા રમતા હતા. ગરબા રમતા રમતા એ ભાઈને એમની પહેલાની ગર્લફ્રેન્ડ યાદ આવવા લાગી. એમને થોડું ડિપ્રેશન જેવું થઈ ગયું કે હું એને છોડી આવ્યો. મારા કારણે એની કેવી હાલત થઈ હશે.

નીરુમાને તો મેસેજ પહોંચી ગયા કે એ ભાઈ ડિપ્રેશનમાં છે. એમણે તરત એ ભાઈને બોલાવી ને કહ્યું, અલ્યા, ગોંડિયા ચિંતા શેની કરે છે. આ તારી ગર્લફ્રેન્ડ તો તારી સાથે જ છે. એમ કહી નીરુમાએ એમને પોતાના તરફ આંગળી ચીંધી.

પાછું ઉમેરતા બોલ્યા, હું તારી ગર્લફ્રેન્ડ જ છું ને. તું એને જેટલો લવ કરતો હતો, એટલો લવ આને કરને.


આટલું કહી નીરૂમાએ એ ભાઈનો હાથ પકડ્યો અને એમની સાથે ગરબાના છ-સાત રાઉન્ડ લીધા.

પાછું કહ્યું, નવરાત્રીમાં તું તારી ગર્લફ્રેન્ડ સાથે ગરબા લેતો હતોને , તો હવે આ ગર્લફ્રેન્ડ સાથે ગરબા લે.

આ બધું જોઈ એ ભાઈનું બધું ભૂત ઊતરી ગયું કે ભઈ હવે જે છે એ આજ છે. મા કહો કે ગર્લફ્રેન્ડ કહો, જે કહો એ.

**ગજબના જ્ઞાની...એમના પ્રેમથી બધા દુનિયા ભૂલી જાય.**

# સ્વામીજી રામતીર્થ



સ્વામીજી રામતીર્થના જીવનની એક વાત છે. એક લાંબી મુસાફરી પછી, રાત્રે ઘરે આવીને સ્વામીજીએ પોતાનું ભોજન તૈયાર કર્યું. તે જ વખતે બાળકોનું ટોળું ત્યાં આવી ચઢ્યું.

સ્વામીજીને જ્યારે ખ્યાલ આવ્યો કે બાળકોએ ભોજન નથી કર્યું, ત્યારે તેમણે પોતાનું ભોજન પ્રેમથી બાળકોને પીરસી દીધું. એક વ્યક્તિએ આ બનાવ જોયો. બાળકોના ગયા બાદ તે વ્યક્તિએ સ્વામીજીને પૂછ્યું, "સ્વામીજી, તમારું બધું ભોજન તમે બાળકોને આપી દીધું. હવે તમે શું જમશો ?"

મુખ પર એક અનેરા હાસ્ય સાથે સ્વામીજી બોલ્યા, "ભોજનનો હેતુ પેટની ભૂખ સંતોષવાનો હોય છે. પછી એ કોઈનું પણ પેટ હોય, શું ફરક પડે છે ? મારા માટે, મેળવવાના આનંદ કરતા આપવાનો આનંદ અનેક ગણો વધારે છે."

છે ને આ ગજબની વાત મિત્રો ! ભૂખ્યું પેટ હોય, ત્યારે પોતાનું ભોજન બીજાને આપીને આનંદ માને, એ કેવું મોટું મન કહેવાય.

# રીઅલ લાઈફ

ભારતના વિખ્યાત કવિ માઘના જીવનની આ વાત છે. માઘની આર્થિક પરિસ્થિતિ નબળી હતી, પણ એમનું મન ખૂબ જ મોટું હતું. તેઓ પોતાની ઉદારતા માટે પ્રખ્યાત હતા.

મોડી રાત્રે, એક માણસ મદદ માંગવા આવ્યો, "મારી દિકરીના લગ્ન છે. હું બહુ ગરીબ છું. તમારા વિષે ઘણું સાંભળ્યું છે. શું તમે મારી મદદ કરશો ?"

કવિ માઘનું હૃદય ભરાઈ ગયું. તેમણે ઘરમાં નજર ફેરવી, પણ આપવા લાયક કશું જ નહોતું. અચાનક, એમની નજર પત્નીએ પહેરેલા સોનાના કડા પર ગઈ. પત્ની ઊંઘી રહ્યા હતા. પણ, માઘને પોતાની પત્નીની ઉદારતા પર પૂરો વિશ્વાસ હતો.

## કવિ માઘ



ધીમે રહીને, એમને પત્નીના હાથમાંથી એક કડું ઊતાર્યું અને પેલા ભાઈને ધર્યું, "દિકરીના લગ્ન માટે મારા તરફથી આ ભેટ સ્વીકારો." ત્યાં તો પત્નીએ આંખો ખોલી અને કહ્યું, "માત્ર એક કડાથી લગ્ન કેવી રીતે ઉકલી શકે ?" અને એમને બીજા હાથનું કડું પણ ઉતારીને એ ભાઈને આપ્યું.

પોતાની વસ્તું બીજાને આપવાથી જે આનંદ મળે, એના કરતા અનેક ગણો વધારે આનંદ પોતાને થાય છે !

સ્ટોરી

# બે મિત્ર


ઈટાલીમાં બે ગરીબ મિત્રો ચિત્રકલાનું શિક્ષણ લેવા એક ચિત્રકલા ગુરૂને મળ્યા. ગુરૂએ બંનેની પરીક્ષા કરી.

બંને મિત્રો ગુરૂની પરીક્ષામાં પાસ થયા. પણ, ગુરૂએ જ્યારે ફીની વાત કહી, ત્યારે બંને ઉદાસ બની ગયા. ગુરૂએ કહેલી ફી, ગરીબ મિત્રોને પોષાય તેમ નહોતી. તેમ છતાંય, એક મિત્ર બોલ્યો, "અમને મંજુર છે આપની ફી. શિક્ષણ ક્યારથી શરૂ થશે ?"

મત્રની આવી વાત સાંભળીને બીજા મિત્રને નવાઈ લાગી. બહાર આવીને એને પૂછ્યું, "ક્યાંથી ભરીશું આટલી બધી ફી ?" મિત્રે જવાબ આપ્યો, "અરે, પૈસા નથી તો શું થયું ? બાવડામાં બળ તો છે. હું કમાઈશ અને તારી ફી ભરીશ. તું તાલીમ લઈને ચિત્રકાર બની જા. પછી, તું કમાજે અને મને ભણાવજે. બરાબરને ?"

બંને મિત્રો સહમત થયા. બીજે દિવસે એક ચિત્રકલા શીખવા ગયો. બીજો કામે ગયો. રોજ સાંજે બંને મિત્રો સાથે જમે. મિત્રના અભ્યાસની ચર્ચા થાય. થોડાં વર્ષ આમ ચાલ્યું.

ચિત્રકાર મિત્રે શિક્ષણ પૂરું કર્યું અને સારું કમાવવા લાગ્યો. એક દિવસ પોતાના મિત્રને લઈ એ ગુરૂજી પાસે ગયો અને વિનંતી કરી, 'ગુરૂજી, હવે મારા મિત્રને આપ ચિત્રકલા શીખવો.'



ગુરૂજીએ મિત્રના હાથ તપાસ્યા અને બોલ્યા, 'હવે તારો મિત્ર ચિત્રકલા નહીં શીખી શકે.'

આ સાંભળી ચિત્રકારને નવાઈ લાગી, "શા માટે ગુરૂજી ?"

ગુરૂજીએ કહ્યું, 'મહેતન કરીને તેના હાથ એવા સખત થઈ ગયા છે કે તે ચિત્રો દોરી નહીં શકે.'


પોતાને ભણાવવા માટે, મિત્રે પત્થરની ખાણમાં વર્ષો સુધી કામ કર્યું, એ જાણીને ચિત્રકાર મિત્રની આંખમાંથી આંસુઓ વહેવા લાગ્યા, "આ તે શું કર્યું દોસ્ત ?" મને ભણાવવા માટે તે તારી કાળજી પણ ના રાખી ?" ગુરૂજીને પણ આ જોઈ બેહદ અફસોસ થયો. પણ, પેલા મિત્રને તો હૃદયમાં ખૂબ સંતોષ હતો.

થોડા સમય બાદ, યુરોપમાં એક ભવ્ય પ્રદર્શનની જાહેરાત થઈ. ચિત્રકાર મિત્રે એ પ્રદર્શનમાં પોતાનું ચિત્ર રજૂ કર્યું. એ ચિત્રને સ્પર્ધામાં પ્રથમ સ્થાન મળ્યું. એ હતું 'પ્રાર્થના કરતા હાથનું ચિત્ર' ચિત્રકાર મિત્રે પોતાના દિલોજાન દોસ્તના મહેનતી અને કઠોર હાથોનું સમર્પણ ચિત્ર બનાવ્યું હતું. આ ચિત્રકારનું નામ હતું અલબ્રેસ્ત કરેર.

જોયું મિત્રો, કેવું અદ્‌ભૂત વિશાળ મન ! મિત્રોને પોતાનું અને પારકું એવો ભેદ નહોતો. પોતાના મિત્રની સફળતામાં બીજા મિત્રને એટલો જ આનંદ હતો, જાણે કે એ પોતાની સફળતા હોય.

# ઐતિહાસિક ગૌરવગાથા

"જે ઉંમરમાં નાનો હોય,
તેણે મોટી ઉંમરનાને
માર્ગ આપવો જોઈએ."



પિતાના મરણ બાદ બ્રહ્મદત્ત કુમાર વારાણસીની રાજગાદીએ આવ્યો. તે ધર્મપૂર્વક રાજ્ય કરવા લાગ્યો. તે ન્યાયી હતો. બધા ઝઘડાનો ચૂકાદો તે નિષ્પક્ષપાતપણે કરતો હતો. રાજા ન્યાયી હોય એટલે તેના અમલદારો પણ ન્યાયી થાય જ. પરિણામે લોકો ફરિયાદો કરતા બંધ થયા અને પોતાની મેળે ન્યાયપૂર્વક વર્તવા લાગ્યા. રાજદરબારને આંગણે ફરિયાદ કરવા આવનારાઓની ભીડ તથા ધમાલ બંધ થઈ ગઈ.

આ જોઈ બ્રહ્મદત્તે વિચાર્યું કે 'હું ધર્મપૂર્વક રાજ્ય કરું છું તેથી લોકોમાં કજીયા-કંકાસ તથા દૂરાચાર દૂર થયા છે. હવે મારે, મારા પોતાનામાં કોઈ દોષ રહ્યા છે કે નહીં, તે જોઈ લેવું જોઈએ. અને જો કોઈ દોષ જણાય, તો તેને દૂર કરવા પ્રયત્ન કરવો જોઈએ.'

આ વિચારથી તેણે પોતાની આસપાસના લોકોને, પોતાનામાં કોઈ દોષ દેખાતો હોય તો જણાવવા માટે કહેવા માંડ્યું. પરંતુ બધા તેનાં વખાણ જ કરતાં. કોઈ તેનો એક પણ દોષ બતાવતું નહીં.

આથી બ્રહ્મદત્તને વિચાર આવ્યો કે 'હું ગુસ્સે થઈ જાઉં એ બીકે આ બધા લોકો મારો દોષ બતાવશે જ નહીં. માટે હું છૂપે વેશે દેશમાં ફરવા નીકળું, તો વળી મારો દોષ બતાવનારો કોઈક મળી આવે.'

આમ વિચારી તે રથમાં બેસી, માત્ર સારથિને સાથે લઈ ફરવા નીકળ્યો.

સંજોગોવશાત એવું બન્યું કે કોશલ દેશનો રાજા મલ્લિક પણ એ જ પ્રમાણે પોતાના દોષ બતાવનારને શોધતો, રથમાં બેસી, સારથિ સાથે ફરવા નીકળ્યો હતો.

બંનેના રથ એક સાંકડા રસ્તા પર સામસામે આવી ગયા. તે રસ્તો એવો સાંકડો હતો કે બેમાંથી એક રથ પાછો વળે, તો જ સામો રથ આગળ જઈ શકે.

મલ્લિક રાજાના સારથિએ બ્રહ્મદત્તના સારથિને રથ પાછો વાળવા માટે કહ્યું.

બ્રહ્મદત્તના સારથિએ કહ્યું, 'તું તારો રથ પાછો વાળ કારણ કે આ રથમાં વારાણસીના અધિપતિ મહારાજ બ્રહ્મદત્ત બેઠાં છે.'

જવાબમાં મલ્લિક રાજાના સારથિએ કહ્યું, 'આ રથમાં પણ કોશલ દેશના અધિપતિ મહારાજ મલ્લિક બેઠાં છે.'

બંન્ને રથમાં રાજા જ બેઠાં હતા. હવે શું કરવું ? બ્રહ્મદત્તના સારથિએ વિચાર્યું, લાવ, હું તે રાજાની ઉંમર પૂછું. જે ઉંમરમાં નાનો હોય, તેણે મોટી ઉંમરનાને માર્ગ આપવો જોઈએ.

પરંતુ પૂછ્યા બાદ જણાયું કે બંને રાજા ઉંમરમાં સમાન જ છે!

પછી બ્રહ્મદત્તના સારથિએ સામા રાજાના રાજ્યનો વિસ્તાર, બળ, ધન, યશ, કુળ વગેરે વિષે પૂછ્યું. પરંતુ બંને રાજા બધી બાબતમાં સમાન જ નીકળ્યા.

અંતે તેણે વિચાર્યું કે જે રાજા ગુણ અને શીલમાં ચડિયાતો હોય તેને બીજાએ માર્ગ આપવો જોઈએ. આમ વિચારી તેણે સામા રાજાના સારથિને પોતાના રાજાના ગુણ તથા શીલ વર્ણવી બતાવવા કહ્યું.

કોશલ દેશનો સારથિ બોલ્યો, 'આ મલ્લિક રાજા અક્કડને અક્કડતાથી, મૃદુને મૃદુતાથી, સજ્જનને સજ્જનતાથી, અને દુર્જનને દુર્જનતાથી જીતે છે, માટે હે સારથિ તું પાછો વળ.'

બ્રહ્મદત્તના સારથિએ પોતાના રાજાના ગુણો વર્ણવી બતાવતા કહ્યું 'આ બ્રહ્મદત્ત રાજા ક્રોધીને શાંતિથી, દુર્જનને સજ્જનતાથી, કંજૂસને દાનથી અને અસત્યને સત્યથી જીતે છે. માટે હે સારથિ તું પાછો જા.'

આ સાંભળતા જ મલ્લિક રાજા અને તેનો સારથિ રથમાંથી ઊતરી ગયા. તેમણે અશ્વો છોડી નાખી પોતાનો રથ પાછો ફેરવ્યો અને બ્રહ્મદત્ત રાજાને માર્ગ આપ્યો.







# FUSION 2016

## ફ્યુઝન દમ્યાન વિવિધ પ્રવૃતિમાં જોડાયેલ LMHTના બાળકો






























પરમ પૂજ્ય દાદા ભગવાનનો ૧૦૯ મો

જન્મજયંતી મહોત્સવ

૯ થી ૧૫ નવે. ૨૦૧૬ | વલસાડ

# કલ્ચરલ શો અને ચિલ્ડ્રનપાર્કની ઝલક










Akram Express

December 2016
Year : 9, Issue : 4
Conti. Issue No.: 100

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2015-2017
valid up to 31-12-2017
LPWP Licence No. CPMG/GJ/27/2015
valid up to 31-12-2017
Posted at Adalaj Post office
on 08th of every month








## અડાલજ જ્ઞાનમંદિર (ગુરૂકૂળ) માં ધો ૬, ૭, ૮માં પ્રવેશ મેળવવા માટે

જ્ઞાનમંદિરમાં રહીને પરમ પૂજ્ય દાદા ભગવાનના જ્ઞાન થકી પોતાના દીકરાઓમાં સંસ્કાર સિંચન થાય તેવું ઈચ્છતા માતા-પિતાઓએ પોતાના દીકરાના ઈન્ટરવ્યુ માટે જ્ઞાનમંદિર, સીમંધર સીટી (અડાલજ)માં તા. ૨૫ ડીસેમ્બર-૨૦૧૬ સુધીમાં ફોનથી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. રજીસ્ટ્રેશન ફકત ધો ૬, ૭ અને ૮ ગુજરાતી અને અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિધાર્થીઓ માટે જ થશે, વધુ માહિતી માટે નીચે જણાવેલ ફોન પર સંપર્ક કરવો.



સમય :- સવારે- ૧૦.૦૦ થી ૧૨.૩૦ તથા બપોરે-૩.૦૦ થી ૬.૩૦
ફોન-(૦૭૯)૩૯૮૩૦૦૩૨,
મો.-૯૯૨૪૩૪૪૮૧

<u>અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના</u>

૧. આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # # હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 # #.** અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨. જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં. ૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **SMS** કરવો.

૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**, ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - શ્રી ડિમ્પલભાઈ મહેતા દ્વારા અંબા ઑફસેટ - પાર્શ્વનાથ ચેમ્બર્સ, ઉસ્માનપુરા, અમદાવાદ - ૧૪ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.